પીએમ મોદીની મુલાકાત બાદ જ ચૂંટણીની જાહેરાત થશે

ભાજપના સ્થાનિક સૂત્રધારોના ભરપૂર વિશ્વાસ છતાં પ્રદેશ નેતાગીરી છાશ ફૂંકી ફૂંકીને પીવે છે

મહાનગરનો મહાજંગ

ચૂંટણીપંચે પ્રત્યેક વોર્ડના ચૂંટણી અધિકારીઓ નિમવાના હૂકમો પણ કરી દીધા છે એટલે કે તંત્ર સંપૂર્ણ તૈયાર છે

ઢોલ વાગ્યો... મારા નગરની ચૂંટણીનો ઢોલ વાગ્યો... પણ હજુ થોડો ધીમો વાગ્યો. કોરોનાએ એ ઢોલના અવાજને થોડોક ધીમો પાડ્યો છે. કોરોનાના કેસ વધતા અરે... શાસક પક્ષના સુત્રધારો કોરોનાથી સંક્રમિત છે ત્યારે ઢોલનો અવાજ થોડોક ધીમો પડ્યો છે. કહેનારા તો કહે છે કે ચૂંટણીની વિધિવત જાહેરાત થઈ શકે અને હા આ બધુ આમ જ થાય, આમ જ થશે.

કોંગ્રેસ વેર-વિખેર છે પરંતુ સંકોરી લેવાની ઘગશ પણ બીજી હરોળમાં છે

મહાનગરનો મહાજંગ અઠવાડિયુ મોડો પણ થાય. અર્થાત મહાનગરના મહાજંગના મુહરતને આડે કોરોના વિલન બની શકે. મહાનગરના સુત્રધારોથી લઈ સરકારના સુત્રધારો બદલાતી પરિસ્થિતિનુ ખૂબ બારીકાઈથી મૂલ્યાંકન કરી રહ્યાં છે. હજુ કેટલાક ભૂમિપૂજન અને લોકાર્પણના ચોઘડીયાં નિયત નથી થતાં અને પ્રધાનમંત્રી રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન માર્ચના અંતિમ સપ્તાહમાં કે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં કરવા આવે ત્યારબાદ જ સરકારના સિગ્નલની અને સરકાર રાહ જુએ છે સ્થાનિક નેતાઓની સિગ્નલની... આજથી આરંભાતા સપ્તાહમાં લગભગ લગભગ ચૂંટણીનો સિનારીયો સ્પષ્ટ બનશે અને ઉમેદવારોની પસંદગી માટેની ચર્ચાઓ ચાર દિવાલમાં થાય છે એ ચોરે ને ચૌટે થશે અને ધીમે ધીમે માહોલ જામશે.

મહાનગરના મહાજંગ માટે ચૂંટણી પંચે તો લગભગ તૈયારીઓ પૂર્ણ કરી છે. ચૂંટણી અધિકારીઓની નિમણૂંકના હુકમો કરી દીધા છે. ઈવીએમ મશીનથી લઈને નીરિક્ષકો, પરીક્ષકોની નિમણૂંકો પણ ફાઈલોમાં થઈ ગઈ છે હવે તો રાહ જોવાય છે માત્ર કક્ષાએથી કરાયેલ ખાનગી સર્વેના પરિણામો ઉત્સાહજનક નથી અને પ્રદેશ મોવડીમંડળનો પ્રદેશ કે કેન્દ્ર સરકારના સિગ્નલની અને સરકાર રાહ જુએ છે સ્થાનિક નેતાઓની સિગ્નલની... આજથી આરંભાતા સપ્તાહમાં લગભગ લગભગ ચૂંટણીનો સિનારીયો સ્પષ્ટ બનશે અને ઉમેદવારોની પસંદગી માટેની ચર્ચાઓ ચાર દિવાલમાં થાય છે એ ચોરે ને ચૌટે થશે અને ધીમે ધીમે માહોલ જામશે.

મહાનગર ભાજપ અત્યાર તો વ્યૂહ રચનાઓ ગોઠવવામાં વ્યસ્ત છે. સુત્રધારો સંક્રમિત થતા ઓનલાઈન ગોઠવણો થાય છે. જીતી જવાનો વિશ્વાસ સ્થાનિક કક્ષાએ ભરપૂર છે. પરંતુ પ્રદેશ કક્ષાએ હજુ વિશ્વાસ ડગુમગુ છે. છેલ્લી બે ચૂંટણીઓમાં થોડોક જે પનો ટૂંકો પડ્યો હતો એના કારણે પ્રદેશ મોવડીમંડળ છાશ ફૂંકી ફૂંકીને પીવે છે. અને એટલે જ પ્રધાનમંત્રીનો કાર્યક્રમ તડામાર રીતે ગોઠવાઈ રહ્યો છે. અને ફરીથી શહેરમાં એ જ આભા અને દર વખતની જેમ દરેક વોર્ડ વાઈઝ ઓજસમાં ભાજપને જંગી બહુમતીથી જીત મળે એવા સમીકરણો ગોઠવાઈ રહ્યાં છે. અને હોદેદારો સહિતની ફોજ ઉતારશે અને આખુ ગુજરાત ગાંધીનગરમાં ઠલવાશે. ઉમેદવારોની સંભવીત આખરી નામો રખાશે.

કોંગ્રેસ ગુજરાતમાં ચોક્કસ નબળી પડી છે. પણ ગાંધીનગરમાં હજુ તેની તાકાત સંકોરી રહી છે. હા કેટલાક કાઉન્સીલરો અને અગ્રણીઓ ભાજપમાં જોડાવવાની તકની રાહ જોઈ રહ્યાં છે, કેટલાકે છુપા પ્રયત્નો પણ શરૂ કર્યા છે. કોંગ્રેસનો એક વર્ગ નિરાશાથી હતપ્રદ થતાં ભાજપની ભાગોળે ભટકાય છે. જ્યારે એક મોટો વર્ગ આપમાં જોડાયો છે અને જોડાઈ રહ્યો છે. કોંગ્રેસ સંભવિત નુકશાનથી સતર્ક જરૂર છે પણ કોણ કેટલુ કેવી રીતે બચાવી શકે છે એના પર ભાવિનો આધાર છે. કોંગ્રેસે ચૂંટણી પ્રક્રિયા માટે પ્રદેશના ચાર વરિષ્ઠ અગ્રણીઓને નીરિક્ષકો તરીકે નિમ્યા છે. એકાદ બે દિવસમાં એ પણ કામગીરીનો આરંભ કરી સંગઠનમાં ઊર્જા લાવવાનો પ્રયાસ કરશે. કેટલાક સંગઠનના નેતાઓ તેલ અને તેલની ધાર જોઈને નિર્ણય કરવાના મૂડમાં છે. આ સપ્તાહ કોંગ્રેસ માટે પણ નિર્ણાયક બની રહેશે.

આમ આદમી પાર્ટીમાં લડાયક માનસિકતા ભરપૂર હોવાથી કાર્યકરો ઉત્સાહમાં છે

સુરત મનપાના પરિણામોથી ઉત્સાહમાં આવેલી આમ આદમી પાર્ટીએ શનિવારની સાંજે 'પહેલો ઘા રાણાનો'ના ન્યાયે ભાજપના મુખ્યાલય કમલમની પાસે જ કાર્યકરોનું સંમેલન યોજી મહાનગરની ૪૪ બેઠકો પર ચૂંટણી લડવાનો હુંકાર વ્યક્ત કર્યો છે. નવો જોશ છે, જુસ્સો છે, નવા જ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની નેમ છે, કરવાની નેમ હોવાથી આમ આદમી પાર્ટી મહાનગરના મહાજંગમાં નિર્ણાયક પરિબળ બની રહે એવી આગાહી કરવામાં કોઈ અતિશયોક્તિ નથી લાગતી. હજુ સંગઠનમાં ઘણીબધી ઉણપો છે. પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવાની પ્રક્રિયામાં ઘણી બધી ખામીઓ છે પરંતુ ઉત્સાહ હોવાથી જંગ રસપ્રદ બનશે. આ વખતનો મહાનગરનો મહાજંગ ત્રિકોણીયો બની રહેશે એમાં હવે શંકાને સ્થાન નથી.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં નવ તળાવોના ડેવલપમેન્ટનો નવતર પ્રોજેક્ટ

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા આ પ્રોજેક્ટ માટે અધિકારીઓ સાથે બેઠક યોજી અને રોડમેપ તૈયાર કરવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં આવતા ૯ જેટલા મોટા તળાવોને ડેવલપ કરવા માટેની કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ૮ તળાવ અને ગાંધીનગર (ઉ) વિધાનસભાના એક તળાવને ડેવલપ કરવામાં આવનાર છે. આ વિચારણા હાલ પ્રાથમિક તબક્કે છે.

આ તળાવોના ડેવલપમેન્ટ માટે રૂ. ૨૦ કરોડથી વધુનો ખર્ચ થવાનો અંદાજ હોવાનું હાલ મનાઈ રહ્યુ છે. મળતી વિગતો પ્રમાણે આ તળાવોને ડેવલપ કરવાથી જિલ્લામાં ૪૮૬ હેક્ટર જેટલા વિસ્તારમાં સિંચાઈ ઉપરાંત જળસ્તરમાં પણ સુધારો જોવા મળશે.

આ તળાવોમાં રૂપાલ, પાનસર, છત્રાલ, પ્રતાપપુરા (મિ) પલોડિયા, નારદીપુર, રાંચરડા, વડાસ્વામી અને સાંતેજનો સમાવેશ થાય છે. આ તળાવોનો એરિયા ૩ હેક્ટરથી લઈ ૩૩ હેક્ટર સુધીનો છે. સૌથી મોટુ તળાવ સાંતેજનું છે.

આ તળાવોના ડેવલપમેન્ટમાં સંરક્ષણ દિવાલ, પેવર બ્લોક, બાંકડાની વ્યવસ્થા, તળાવને ફરતે રેલીંગ, રમત-ગમતની રાઈડો, સુંદર બગીચો, વૃક્ષારોપણ તેમજ સ્ટ્રીટલાઈટોની વ્યવસ્થા હાલ ઉભી કરવાનું આયોજન વિચારણામાં લેવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે અને તેમણે આ અંગે અધિકારી કક્ષાએ ૨ થી ૩ બેઠકો પણ અત્યાર સુધીમાં યોજી છે. આગામી દિવસોમાં આ અંગેનો રોડમેપ આખરી કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

આખા દેશમાં ગાંધીનગર સંસદીય મતવિસ્તાર આગવી ઓળખ સાથેનો સંસદીય મતવિસ્તાર બને તે દિશામાં તેમણે અત્યંત સક્રિયતા દાખવી સમગ્ર કામગીરી હાથ ધરી છે. જિલ્લામાં શૈક્ષણિક વિકાસ માટે તેમને દૃષ્ટિ પ્રોજેક્ટ પણ હાથ ધર્યો છે જે ઉલ્લેખનીય છે.

મનપાની ચૂંટણીમાં વડોદરાના ઈ.વી.એમ. વપરાશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી દિવસોમાં યોજાનાર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. મનપાની આ સામાન્ય ચૂંટણીમાં તેની હદમાં કરાયેલા વધારાને પગલે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાંથી ઈવીએમ મેળવવામાં આવ્યા છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૨૫ થી વધુ બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટ વડોદરા મનપામાંથી ગઈકાલે મોડી સાંજે ગાંધીનગર લઈ આવવામાં આવ્યા છે અને તેને મનપાના સ્ટ્રોંગરૂમમાં મુકી દેવામાં આવ્યા છે.

મનપા દ્વારા આ ઈવીએમ ઉપરાંત જિલ્લામાં માણસા, કલોલ અને દહેગામ ન.પા. માં ફાળવેલા મશીનો પણ પરત મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે.

સોમવાર યા મંગળવારથી

મનપા દ્વારા ઈવીએમનું એફ.એસ.સી. પણ શરૂ કરવામાં આવનાર છે. આ માટે કંપનીને વિધિવત્ જાણ પણ કરી દેવામાં આવી છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા માટે પાંચ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરી છે. ૧૧ વોર્ડ માટે પાંચ ચૂંટણી અધિકારીઓની નિયુક્તીએ પાટનગરના કર્મચારી જગતમાં પણ ચર્ચાઓ જગાવી છે. મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી છે અને તેમાં હદ વધારવા લેવાયેલા નિર્ણય પછી અાટલી સંખ્યામાં ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચે વોર્ડ નં. ૧ અને ૨ માટે પુરવઠા અધિકારી, ૩ અને ૪ વોર્ડ માટે ના. જિલ્લા વિકાસ અધિકારી, ૫ અને ૬ માટે નાયબ કલેક્ટર (સ્ટેમ્પડ્યુટી) ૭ અને ૮ વોર્ડ માટે નાયબ કલેક્ટર અને એસ્ટેટ ઓફિસર ગુડા તથા ૯ થી ૧૧ માટે પ્રાંત અધિકારી ગાંધીનગરને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે.

હદ વધતાં પાંચ ચૂંટણી અધિકારીઓ નિમાયા : સોમવાર યા મંગળવારથી ઈવીએમનું એફએસસી શરૂ થશે

રાજ્ય ચૂંટણી પંચે નાયબ ચૂંટણી અધિકારીઓની પણ નિયુક્તી કરી દીધી છે.

ઈલેકશન ડ્યુટી માટે કર્મચારી-અધિકારીઓની ડેટા એન્ટ્રીનું કામ હાથ પર લેવામાં આવ્યુ છે તે પણ એકાદ-બે દિવસમાં પૂર્ણ થઈ જશે.

પંચ દ્વારા મનપાની ચૂંટણીમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તતાથી અમલ થાય તેમજ નિષ્પક્ષ ચૂંટણી થાય તે જોવા માટે પણ તાકીદે કરી છે. ગાંધીનગર મહાનગરપાલિકા માટે ૨૮૪ જેટલા મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

મનપાએ હવે આ ચૂંટણીની તૈયારીઓ માટેનો સંપૂર્ણ રોડમેપ તૈયાર કરી લીધો છે અને ટુંકમાં જ આ કામગીરી વધુ વેગીલી બનશે તેમ પણ આ સૂત્રો જણાવી રહ્યા છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માર્ચ મહિનાના ત્રીજા સપ્તાહના અંતમાં અથવા ચોથા સપ્તાહના આરંભમાં ચૂંટણી અંગેની વિધિવત્ ઘોષણા કરી દેવામાં આવશે.

નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા પ્રબળ માંગણી

ગાંધીનગર તા ૧૪

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોને થીગડા મારવાના પ્રયાસ બાદ પણ હાલ રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે. ટુંકા સમયગાળામાં જ આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. માર્ગોનુ ધોવાણ થયા બાદ રહીશોના ઘર આંગણે જ કપચીના ઢગ જામ્યા છે. અગાઉ તંત્ર દ્વારા ખરબચડા માર્ગોને ઢાંકવા સફાઈ કરીને કેટલીક સોસાયટીમાં છંટકાવ બાદ રેતી પાથરી દેવામાં આવી હતી. પરંતુ હાલમાં પણ માર્ગોની હાલત બિસ્માર હોવાથી સ્થાનિકોમાં પ્રબળ રોષ જોવા મળી રહ્યો છે. નવા સેકટરોમાં ખાસ કરીને સે-૧થી ૫ માં માર્ગોની સુધારણાનુ કામ ફરી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકો કરી રહ્યા છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી નિયત સમયના અંતે હાથ ધરવામાં આવે છે. સામાન્ય રીતે દર ચાર વર્ષના અંતે માર્ગોનુ પેવરકામ કરવામાં આવે છે. જયારે નવા સેકટરોમાં પણ બે વર્ષ અગાઉ જ આંતરિક માર્ગોનુ કામ કરવામાં આવ્યુ હતુ. જયારે ગત વરસાદી દિવસોના અંતે સેકટરોની સોસાયટીમાં મોટાભાગના આંતરિક માર્ગોનુ ધોવાણ થયુ છે. એકબાજુ પેવર બ્લોક માર્ગોની ઉંચી સપાટીએ કરી દેવાતા વરસાદી પાણી માર્ગો પર ફરી વળે છે. માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા રસ્તાનુ ધોવાણ થાય છે. બીજીતરફ કામગીરીમાં પણ ગુણવત્તા ન જળવાઈ હોવાના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર રસ્તાઓના ધોવાણ બાદ કપચી ઉખડીને ઢગ ખડકાયા હતા જયારે સ્થાનિકોની ફરિયાદોના અંતે તંત્ર કક્ષાએથી છંટકાવ કરીને રેતી પાથરી દેવામાં આવી હતી. તંત્રની ટીમ દ્વારા ધોવાણ થયેલા માર્ગો પરથી કપચીના ઢગની પણ સફાઈ કરવામાં આવી હતી. પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોના આંતરિક માર્ગોની સમસ્યા યથાવત છે. સ્થાનિક રહીશો માર્ગ સુધારણા હાથ ધરવા માટે પ્રબળ માંગ કરી છે. નવા સેકટરોમાં ખાસ કરીને સે-૩, સે-૪ અને સે-૫ માં આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. ત્યારે માર્ગોનુ પેવર કામ હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી સ્થાનિકોએ વ્યકત કરી છે. અગાઉ માર્ગ સુધારણા દરમિયાન કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાનો રોષ પણ સ્થાનિકોએ વ્યકત કર્યો છે.

શહેરમાં અત્યાર સુધી ૧,૧૦,૩૮૦ લોકોના કોરોના ટેસ્ટ થયા

૭૮,૬૫૦ લોકોના એન્ટીજન ટેસ્ટ થયા : ૩૭૮૧ નો રિપોર્ટ પોઝીટીવ, કોરોના વેક્સીનેશનનો બીજો ડોઝ લેવામાં વર્કર, વોરિયર્સમાં ઉદાસીનતા : માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલનમાં તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ માર્ચ ૨૦૨૦માં નોંધાયા પછી શહેરમાં છેલ્લા એક વર્ષમાં એક લાખ ૧૦ હજાર ૩૮૦ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં રહેતા ૩૧,૭૩૦ લોકોના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે જ્યારે ૭૮,૬૫૦ લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે પણ શહેરમાં સરેરાશ ૪૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૩૭૮૧ લોકોને કોરોના પોઝીટીવ થયાનું તારણ આ ટેસ્ટીંગ અભિયાનમાં જણાયુ છે. જો કે શહેરમાં રિકવરી રેટ ૯૮ ટકા જેટલો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાના કેસોમાં વૃદ્ધિ દર જોવા મળી રહ્યો છે. શહેરમાં હાલ ૧.૫૦ ટકા ચેપરેટ હોવાનું તંત્રના સૂત્રોમાંથી બિનસત્તાવાર રીતે જાણવા મળેલ છે.

શહેરમાં ઘણી બધી સરકારી કચેરીઓમાં સેનીટાઈઝેશન માટે મુકેલા મશીનો પણ બંધ હાલતમાં પડ્યા છે. શહેરમાં કોરોનાના કેસોમાં જે વૃદ્ધિદર અત્યારે જોવા મળે છે તે યથાવત રહે તો આગામી દિવસોમાં આકરા પગલાં લેવાનો નિર્ણય તંત્રને લેવાની ફરજ પડશે.

તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગનુ પાલન ન થયાનું જણાતાં કેટલાક પગલાં "આરંભે શુરા ગુજરાતી" કહેવત મુજબ લીધા છે તેમજ મનપા દ્વારા માસ્ક ફરજીયાત પહેરવાની ટીમો પણ હવે ઉદાસીનતાનો અંચળો પહેરી અને કાગળ પર કામ કરી રહી હોવાની વાતો છે.

દરમ્યાન શહેરમાં કોરોના વેક્સીનેશનની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં ૨૫,૦૨૪ લોકોનું વેક્સીનેશન થઈ ગયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હેલ્થકેર વર્કરોમાં પ્રથમ ડોઝ ૩૨૩૫ જણાએ લીધો હતો પરંતુ સેકન્ડ ડોઝ લેવા માટે માત્ર ૧૯૩૭ વર્કર જ આગળ આવ્યા હતા.

ફ્રન્ટ લાઈન વર્કરોમાં પ્રથમ ડોઝ ૬૨૧૬ લોકોએ લીધો હતો જ્યારે સેકન્ડ ડોઝ ૩૯૪૯ લોકોએ જ લીધો હોવાનું જાણવા મળેલ છે.

૬૦ વર્ષથી વધુ વયના ૮૨૨૩ સિનીયર સિટીઝનોએ પ્રથમ ડોઝ લઈ લીધો છે. જ્યારે ૪૫ થી ૬૦ વર્ષની વયના કો મોર્બિડ ૧૪૬૪ લોકોએ તેમનો પ્રથમ ડોઝ લઈ લીધો છે.

શહેરમાં વેક્સીનેશનનો બીજો ડોઝ લેવામાં હેલ્થ વર્કરો અને ફ્રન્ટ લાઈન વોરિયર્સમાં જે ઉદાસીનતા જોવા મળી છે તેણે લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે કોરોના વેક્સીનેશનની કોઈ આડઅસર હજુ સુધી જોવા મળી નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં સતત બીજે દિવસે ૧૬ કેસ : ૧૧ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર તાલુકાના કુડાસણ, પેથાપુરમાં ૩-૩ કેસ સહિત ૮ કેસ નોંધાયા : સે. ૨૨ માં ૩ કેસ ઉપરાંત સે. ૮, ૧૫, ૧૩, ૨૭, ૩૦ માંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. સતત બીજે દિવસે પણ ૧૬ કેસ નોંધાતા તંત્ર સતર્ક બન્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં આજે ૮-૮ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮ કેસ માત્ર ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના જે રીતે રૌદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાં પાંચ કેસ મહિલા દર્દીના છે. આજે નોંધાયેલા કેસોમાંથી એક મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી અને પેથાપુર ખાતેથી ૩-૩ કેસ મળવા ઉપરાંત અડાલજ અને રાંદેસણ ગામેથી પણ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ કેસોમાં પેથાપુરમાં એક વિદ્યાર્થીને કોરોના થયાનું બહાર આવતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૧૮૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૪૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૮૨૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૮ કેસ કોરોનાના મળી આવતાં સતર્ક બનેલ તંત્રએ સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે. શહેરમાં આજે એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સંક્રમિત થનારાઓમાં આણંદ જિલ્લા પંચાયતમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતો કર્મચારી, ખાનગી ટેલિકોમ કંપનીનો કર્મચારી, બે વેપારી, શેરબજાર સાથે સંકળાયેલ વેપારીનો સમાવેશ થાય છે.

સે. ૨૨ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૮, ૧૫, ૧૩, ૨૭ અને સે. ૩૦ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. આજે ૭૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જો કે તંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યું છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં જે રીતે કોરોનાના કેસો વધવાનો ટ્રેન્ડ શરૂ થયો છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સની સાથે સાથે ટેસ્ટીંગમાં વધારો કરી દર્દીઓના ટેસ્ટીંગ વધારવા પર ભાર મુક્યો છે. સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી અને મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં ભેળવેલા ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર કલેક્શનની સેવાઓ ખોટવાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ડોર ટુ ડોર કચરો કલેક્શનની કામગીરી સંપૂર્ણ ઠપ્પ થઈ ગઈ હોવાનો આક્ષેપ જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે કચરો એકત્રીકરણ કરવા માટે શરૂઆતમાં નિયમિત ૮ થી ૧૦ ગાળામાં ગાડીઓ ગ્રામ્ય વિસ્તારમાં ફરતી હતી પરંતુ છેલ્લા વીસ દિવસથી નથી ગાડીઓ આવતી કે મનપા દ્વારા વેસ્ટ કલેકશન માટેની જાણ ગ્રામવાસીઓને કરાઈ નથી. વેસ્ટ કલેકશન થતુ નથી તેમજ જાહેર માર્ગોની સફાઈના નામે પણ મીંડુ છે. ગ્રામજનો આ પરિસ્થિતિથી

જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરે મનપાના અણઘડ વહીવટની આકરી ટીકા કરી

ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મનપા દ્વારા સેવાઓ આપવામાં જે ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે તે ખુબજ દુઃખદ છે. ગાંધીનગર શહેરમાં ૧૮ ગામો ભેળવવાનો નિર્ણય કરાયા પછી આજે નવ માસથી વધુનો સમય થવા આવ્યો પણ તંત્રના અધિકારીઓ પણ ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે આવતા નથી અને સેવાઓ અપાતી નથી. કમિશનર કે ડે. મ્યુનિ. કમિશનર પણ રાઉન્ડમાં આવતા નથી માત્ર કાર્યક્રમોમાં આ અધિકારીઓ દેખાયા છે. કમિશનરશ્રીએ ગ્રામ્ય વિસ્તાર ભેળવ્યા પછી એક પણ ગામમાં જઈ ગ્રામજનોની સમસ્યા જાણવા કે પછી તેના ઉકેલ માટે કોઈ જ કાર્યવાહી કરી નહિ હોવાનું ઠાકોરે આકોશપૂર્ણ રીતે જણાવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૭૦૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com